eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 87
January 26, 2007

## " બળતણ બચાવો "ના પખવાડીયાની ઉજવણી




સુરત મહાનગરપાલિકા અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ના સંયુકત ઉપક્રમે "બળતણ બચાવો" ના પખવાડીયાની ઉજવણી અંગેનો મહિલા શિબિર ડેપ્યુટી મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલના અધ્યક્ષ સ્થાને 'વિચાર વિમર્શ ભવન', યુ.સી.ડી. કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન ધ્વારા "ગેસ બચાવો" અંગેની વિગતવાર એનીમેશન ધ્વારા એલ.સી.ડી. પ્રોજેકટર ઉપર પ્રેઝન્ટેશન કરી ઉપસ્થિત વિવિધ વિસ્તારોની બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાંધણગેસ કઈ રીતે બચાવી શકાય? તેની સલામતી, તેમજ તેના વપરાશ અંગે લેવાની કાળજી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુભાષચંદ્ર બોઝની ૧૧૦મી જન્મ જયંતિ ઉજવણી

તા. ૨૩–૧–૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ગોપીપુરા સુભાષચોક ખાતે સુભાષચંદ્ર બોઝની ૧૧૦મી જન્મજયંતિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સવારે ૮.૩૦ કલાકે યોજવામાં આવેલ. જેમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષ શ્રી દિપકભાઈ આફિકાવાલા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અન્ય મહાનુભાવો તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓએ નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન ચરિત્ર પર આધારિત વકતવ્ય સુંદર રીતે રજુ કરી હાજર મહાનુભાવોના દિલ જીતી લીધા હતા.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૭", પાંચમો રાષ્ટ્રીય બાગાયત–હર્બલ–મેળો–પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૭" અને ચોથો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૭" તા.૨૫–૦૧–૨૦૦૭ થી તા.૨૯–૦૧–૨૦૦૭ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે, મૂર્તિમંત થયેલ છે. જેનું ઉદઘાટન તા. ૨૫–૦૧–૨૦૦૭ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ – વિટામીન ' એ ' આપના બાળક માટે

- બાળકનાં સંપૂર્ણ વૃધ્ધિ, વિકાસ અને સારી દ્રષ્ટિ માટે વિટામીન ' એ ' જરૂરી છે.
- બાળકને રતાંધળાપણાથી તથા સંપૂર્ણપણે અંધ થતું બચાવવા વિટામીન ' એ ' નાં દરેક ડોઝ નિયમીત પીવડાવો.
- વિટામીન ' એ ' બાળકની રોગ પ્રતિકારક શકિત વધારે છે. ચેપી રોગોથી બચાવે છે. તેથી બાળક વારંવાર બિમાર પડતું નથી.
- આપનાં ૧ વર્ષથી ૩ વર્ષ સુધીના બાળકોની સંપૂર્ણ, વૃધ્ધિ, વિકાસ અને સારી દ્રષ્ટિ માટે વિટામીન ' એ ' નો ડોઝ માહે–ફેબ્રુઆરી તથા માહે–ઓગષ્ટ દરમ્યાન નજીકનાં શહેરી આરોગ્ય કેન્દ્ર અથવા આંગણવાડી પર જઈ અવશ્ય પીવડાવો.

વધુ માટે કલીક કરો >>>>>>

# " બળતણ બચાવો "ના પખવાડીયાની ઉજવણી

સુરત મહાનગરપાલિકા અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ના સંયુકત ઉપક્રમે " બળતણ બચાવો " ના પખવાડીયાની ઉજવણી અંગેનો મહિલા શિબિર ડેપ્યુટી મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલના અધ્યક્ષ સ્થાને 'વિચાર વિમર્શ ભવન', યુ.સી.ડી. કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન ધ્વારા "ગેસ બચાવો" અંગેની વિગતવાર એનીમેશન ધ્વારા એલ.સી.ડી. પ્રોજેકટર ઉપર પ્રેઝન્ટેશન કરી ઉપસ્થિત વિવિધ વિસ્તારોની બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાંધણગેસ કઈ રીતે બચાવી શકાય? તેની સલામતી, તેમજ તેના વપરાશ અંગે લેવાની કાળજી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ.




કાર્યશિબિરમાં આવેલ આગંતુક મહેમાનોનો પરિચય યુ.સી.ડી. વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રી પી. એમ. નાયકે આપ્યો હતો, અને સ્વાગત યુ.સી.ડી. પરિવારના સભ્યોએ કર્યુ હતું. ડેપ્યુટી કમિશનરશ્રી (ફાઈનાન્સ) શ્રી શરદ મહેતાએ ઉપસ્થિત મહેમાનોને આવકાર્યા હતા. સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભુવા બહેનોની પ્રવૃત્તિથી પ્રભાવિત થયા હતા અને જણાવ્યું હતું કે, " બહેનો કરકસર એ જ સાચી મૂડી છે, અને જયારે તમે ગેસ બચાવશો ત્યારે જ 'ગેસ બચાવો' એ જ કાર્યશબિરિની સાર્થકતા રહેશે " યુ.સી.ડી.ના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે યોજનાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, યુ.સી.ડી.નું કામ જ મહિલાઓમાં જાગૃતિ લાવવી, અને કાર્યરત રહેવું છે. આવા કાર્યક્રમમાં વધુને વધુ બહેનો જાગૃત્ત થાય એવા અમારા પ્રયત્ન રહેલા છે, સુરત મહિલા બસ્તી વિકાસ સંઘ ધ્વારા ચાલતા બચત જુથો અને લોન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ભારત પેટ્રોલિયમના અધિકારીશ્રી એસ. મોહન અને એસ. વિનોદે ઉપસ્થિત બહેનોને પ્રશ્નોતરી ધ્વારા પ્રોત્સાહિત કરી સાચા જવાબ આપનાર આશા પટેલ, અંબાનગર, સોનલ લસણીયા, ખટોદરા, જયાબેન મકવાણા, ગોટાલાવાડી, રૂકશાના શેખ, હોડી બંગલા, મનસુરી નફીસા, હોડી બંગલા વિગેરે બહેનોને ઈનામો આપવામાં આવ્યા. અધ્યક્ષ સ્થાનેથી ડેપ્યુટી મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલે ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, " આ શિબિરનો હેતુ ત્યારે જ સફળ થશે તમે જે ધ્યાનપૂર્વક સાંભળ્યું છે, તે તમારા વિસ્તારમાં પ્રચાર કરી લોકોને પણ રાંધણ ગેસ કઈ રીતે બચાવવો તેની માહિતી આપવી. એ જ તમારા " બળતણ બચાવો " પખવાડીયાની સાચી સફળતા છે. " કાર્યક્રમની આભારવિધિ યુ.સી.ડી. વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રીમતિ રક્ષાબેન પરમારે કરી હતી, અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યુ.સી.ડી. વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતિ જયશ્રી એ. પટેલે કર્યુ હતું.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા સુભાષચંદ્ર બોઝની ૧૧૦મી જન્મ જયંતિ ઉજવણી

તા. ૨૩–૧–૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ગોપીપુરા સુભાષચોક ખાતે સુભાષચંદ્ર બોઝની ૧૧૦મી જન્મજયંતિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સવારે ૮.૩૦ કલાકે યોજવામાં આવેલ. જેમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અન્ય મહાનુભાવો તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓએ નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન ચરિત્ર પર આધારિત વકતવ્ય સુંદર રીતે રજુ કરી હાજર મહાનુભાવોના દિલ જીતી લીધા હતા.



TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો

સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૦૭", પાંચમો રાષ્ટ્રીય બાગાયત–હર્બલ–મેળો–પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૭" અને ચોથો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૭" તા.૨૫–૦૧–૨૦૦૭ થી તા.૨૯–૦૧–૨૦૦૭ દરમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે, મૂર્તિમંત થયેલ છે. જેનું ઉદઘાટન તા. ૨૫–૦૧–૨૦૦૭ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમનો શુભારંભ નૃત્યમ નર્તન અકાદમીના કુ. અનુજા અને કુ. સૃષ્ટીના નટરાજ નૃત્ય ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (સ્પે.) પી. જે. ઝાલા, એ જણાવ્યું કે સાતમો પુષ્તક મેળો અનેપાંચમો રાષ્ટ્રીય બાગાયત – હર્બલ – મેળો – પુષ્પ પ્રદર્શન મેળો "સુમન–૨૦૦૭" અને ચોથો ભારતીય શિલ્પગ્રામ મેળો "શિલ્પ–૨૦૦૭" માં ઉપસ્થિત રહેલ ડો.પ્રકાશ ગજજર, ડો. એસ. એસ. સાવરીકર, શ્રી રતિલાલ 'અનિલ' મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, ધારાસભ્યશ્રી ભાવનાબેન ચપટવાલા, વિરોધપક્ષના નેતાશ્રી યોગશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા, તથા મહાનગરપાલિકાના નિમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાનું હું હાર્દિક સ્વાગત કરુ છું. સુરત મહાનગરપાલિકા માટે આ ગૌરવની ક્ષણ છે. સુરત શહેરે અને પાલિકાએ અનેક ક્ષેત્રોમાં વિકાસ અને વિશિષ્ટતાઓ સર્જી છે. મહાનગરપાલિકાની દૂરંદેશીનો પૂરાવો આ પુસ્તક મેળો છે. ગત વર્ષે લગભગ સાત લાખ નાગરિકોએ આ પુસ્તક મેળાનો લાભ લીધો હતો. તેવી જ રીતે જાહેર જનતા આ પુસ્તક મેળાનો લાભ લેશે તેવી અપેક્ષા સાથે વિરમુ છું.

ત્યાર બાદ ઉપસ્થિત રહેલ વિવિધ મહાનુભાવોનું પુષ્પગુચ્છ–શાલ–મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે, ડો.રેખાબેન ભટ્ટના પુસ્તક 'મોહમ્મદ માંકડની ટૂંકી વાર્તાઓનું ભાવવિશ્વ' નું લોકાર્પણ કરવામાં આવેલ. જે પ્રસંગે ડો.રેખાબેન ભટ્ટે મહાપાલિકાનો ઋણ સ્વીકાર કરી આભાર વ્યકત કરેલ.

સમારંભમાં ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનો પૈકી શ્રી રતિલાલ મુળચંદભાઈ રૂપાવાળા "અનિલ" એ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું કે સુરત–રાંદેરમાં ગઝલકારો થયા છે. સુરત તેની શેરીઓ, ઉત્સવો તથા તેની વિશિષ્ટતાઓ માટે પ્રખ્યાત છે. તેમને ગઝલમાં પણ વિતેલા સુરતને સંભાર્યુ હતું. તેમણે સખેદ જણાવ્યું કે સુરત ઐતિહાસિક નગરી હોવા છતાં ઐતિહાસિક સ્મારકો તથા વિવિધ શિલ્પોની યોગ્ય રીતે જાળવણી થઈ નથી. તેમણે સાહિત્યીક જબાનમાં જણાવ્યું કે વૈકુંઠ તમારા હાથમાં છે તેની અનુભૂતિ હશે તો જ સ્વર્ગનો આનંદ મેળવી શકશો. જીવન એ કવિતા છે. પણ તેને માણવા દ્રષ્ટિ હોવી જરૂરી છે. વિશ્વ માટેનું ચિંતન આપણા ઘરમાં જ રહેલું છે. જો તમારો કોઈ પુરોગામી નથી તો તમારુ કોઈ પણ જાતનું અસ્તિત્વ નથી. મહાનગરપાલિકા ધ્વારા આવા પુસ્તક મેળાનું આયોજન આપણામાં ચેતના પ્રેરે છે.

અન્ય મુખ્ય મહેમાન ડો.એસ. એસ. સાવરીકરે(કુલપતિશ્રી ગુજરાત આર્યુવેદીક યુની., જામનગર) પોતાના વકતવ્યમાં જણાવ્યું કે પુસ્તક મેળા તથા ઔષધિય મેળા આજના જમાનાની જરૂરીયાત છે. છેવાડાના માનવીને આધુનિક શોધો તથા ચિકિત્સા પધ્ધતિનો લાભ મળેલ નથી. આવા બાગાયત–હર્બલ મેળામાંથી વિવિધ ઔષધિઓની જાણકારી મેળવી તેનો મહત્તમ લાભ લઈ સરળતાથી તંદુરસ્ત રહી જીવન વ્યતિત કરી શકાય. ભારત ખાતે આરોગ્ય અંગેની એવી પ્રાચિન પધ્ધતિ છે કે જે માનવીની તંદુરસ્તી માટે ખુબ જ આવશ્યક છે. આપણા જીવનસુત્રોમાં કુદરતી વનસ્પતિ માળાની જેમ જળવાઈ રહેવી જોઈએ. આધુનિક વિશ્વ જયારે તેનો લાભ લઈ રહયા છે ત્યારે આપણે આધુનિકતા તરફ વળી તેનાથી વિમુકત થઈ રહયા છીએ.

આ પ્રસંગે ઉપસ્થિત ડો.પ્રકાશ ગજજરે જણાવ્યું કે તત્વશિલ સાહિત્યમાં આગળ વધવુ ખુબ જ જરૂરી છે. સાહિત્ય આપણા જીવન માટે ખુબ જ જરૂરી છે. આવા પુસ્તક મેળાનો લાભ લેવાથી સાહિત્ય આપણા સૌના જીવનમાં પ્રગટ થાય અને તેનો વિકાસ થાય તેવી લાગણી વ્યકત કરી જણાવ્યું કે આવી પ્રવૃત્તિ ખુબ જ જરૂરી છે. માનવીએ ચેતનવંત બનવુ ખુબ જ જરૂરી છે. સુરતનો વિકાસ અને તેની પ્રવૃત્તિઓ તથા આવી સાહિત્યક અને વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરેલ. વધુમાં જણાવ્યું કે ફીનીક્ષ પક્ષીની જેમ રાખ માંથી પણ બેઠા થઈ અનેક આપત્તિઓ તથા અડચણો વચ્ચે વિકાસમાં તાલ મેળવ્યો છે. જે અભિનંદનને પાત્ર છે.

મુખ્ય મહેમાન શ્રી અસીમ રાંદેરી નાદુરસ્ત તબિયતને કારણે સમારંભમાં ઉપસ્થિત રહી શકેલ નહીં. તેમણે તેમના પ્રતિનિધિ ધ્વારા આ અંગેનો શુભ સંદેશો પાઠવ્યો હતો. મા. ડે. મેયર ડો.સુષ્માબેન એસ. અગ્રવાલ ધ્વારા તેમના પ્રતિનિધિનું પુષ્પગુચ્છ, શાલ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.

સમારંભના પ્રમુખ ડો.કનુભાઈ જી માવાણી પોતાના વકતવ્યમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ફકત પ્રાથમિક જરૂરિયાતોનો ખ્યાલ રાખતી નથી. પરંતુ તન,મનની સ્વસ્થતાનો પણ ખ્યાલ રાખે છે. બહુજન સમુદાય આવા પુસ્તક મેળા તથા બાગાયત, હર્બલ, પુષ્પ તથા શિલ્પ મેળાનો લાભ લે તે વર્તમાન સમયની માંગ છે. પ્રકૃતિ સાથે સંલગ્નતા માટે આવી પ્રવૃત્તિ ખુબ જ જરૂરી છે. આ મેળામાં પુસ્તકો, બાગાયત, હર્બલ, પુષ્પ અને શિલ્પગ્રામના લગભગ ૨૪૩ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જાહેર જનતા આનો મહત્તમ લાભ લેશે તો મહાનગરપાલિકાની આ પ્રવૃત્તિ યોગ્ય લેખાશે.

સમારંભના અંત ભાગમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ છાયાબેન ભુવાએ આભારવિધિ કરી સૌનો આભાર માન્યો. આ સમારંભમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં આંમત્રિત નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ

# વિટામીન ' એ ' આપના બાળક માટે

## વિટામીન ' એ ' સ્વસ્થ દ્રષ્ટિ અને તંદુરસ્તી માટે અગત્યનું પોષક

- બાળકનાં સંપૂર્ણ વૃધ્ધિ, વિકાસ અને સારી દ્રષ્ટિ માટે વિટામીન ' એ ' જરૂરી છે.
- બાળકને રતાંધળાપણાથી તથા સંપૂર્ણપણે અંધ થતું બચાવવા વિટામીન ' એ ' નાં દરેક ડોઝ નિયમીત પીવડાવો.
- વિટામીન ' એ ' બાળકની રોગ પ્રતિકારક શકિત વધારે છે. ચેપી રોગોથી બચાવે છે. તેથી બાળક વારંવાર બિમાર પડતું નથી.
- આપનાં ૧ વર્ષથી ૩ વર્ષ સુધીના બાળકોની સંપૂર્ણ, વૃધ્ધિ, વિકાસ અને સારી દ્રષ્ટિ માટે વિટામીન ' એ ' નો ડોઝ માહે–ફેબ્રુઆરી તથા માહે–ઓગષ્ટ દરમ્યાન નજીકનાં શહેરી આરોગ્ય કેન્દ્ર અથવા આંગણવાડી પર જઈ અવશ્ય પીવડાવો.

**માહે ઓકટોબર–૨૦૦૬ થી માહે જાન્યુઆરી–૨૦૦૭ દરમ્યાન વિટામીન ' એ ' નો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હોય તેવા બાળકોને માહે ફેબ્રુઆરી–૨૦૦૭ના રાઉન્ડ દરમ્યાન વિટામીન ' એ ' નો ડોઝ આપવો નહી.**

TOP